ગાંધીનગર સમાચાર

**સે-૩ માં ગટર લાઇનના ખોદકામ માટે હીટાચીનુ તોતિંગ મશીન મંગાવાયુ**



રીમઝીમ ગીરે સાવન... આ શબ્દોને ખરા અર્થમાં સાર્થક કરે તેવો વરસાદ શહેરમાં વરસી રહ્યો છે. આકાશમાંથી પસાર થઈ રહેલા વાદળો અવારનવાર નગરની ધરાને ભીંજવી જાય છે. વૃક્ષોથી આચ્છાદિત આપણા રળીયામણા નગરે ચોમાસામાં એક નવી જ આભા પ્રાપ્ત કરી છે. નગરજનો ચોમાસાને ભરપુર માણી રહ્યા છે. આજે શહેરમાં ૪.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

# સરકારને કરોડો રળી આપતી મિલ્કતોના વેરા વસુલીમાંથી મુક્તિ કેવી : શૈલેન્દ્રસિંહ

## મુક્તિ આપવાના નિયમોની કઈ જોગવાઈઓ હેઠળ મુક્તિ અપાઈ છે તે પણ જાહેર કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગ્રેસના કાઉન્સીલર શૈલેન્દ્રસિંહ બિહોલાએ મ્યુનિ. કમિશનરને પાઠવેલ એક પત્રમાં સરકારી ઈમારતોના મિલ્કતવેરામાં પણ ભેદભાવભરી નીતિને લઈ વિગતો માંગી છે.

બિહોલાએ જણાવ્યુ છે કે જુના હેલિપેડ મેદાનમાં બનાવાયેલ એક્ઝીબીશન સેન્ટર, સે. ૧૭માં આવેલ ટાઉનહોલ, સરકીટ હાઉસ, વિશ્રામગૃહ, આંબેડકર હોલ, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ જેવી સરકારી ઈમારતો ભાડે આપી સરકાર કરોડો રૂપિયા રળે છે તો તેમને મિલ્કતવેરાની આકારણીમાંથી બાકાત રાખવામાં કેમ આવેલ છે તેમને સમજાતુ નથી.

બિહોલાએ મિલ્કતવેરાની આ ઈમારતોની આકારણી કરી તાત્કાલિક વેરો વસુલ કરવાની માંગ પણ કરી છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે કે પાલિકા વિસ્તારમાં આવતા દરેક એકમોનો મિલ્કતવેરો લેવામાં આવે છે. વાણિજ્ય કે રહેઠાણ હોય એ તમામ ધારકોએ મિલ્કતવેરો ભરવો ફરજીયાત છે. શહેરની ઘણી બધી સરકારી ઈમારતોમાં વાણિજ્ય પ્રવૃત્તિ ચાલે છે તો આ બાબત સાંખી શકાય નહિ.

બિહોલાએ જણાવ્યુ કે તંત્રએ કઈ-કઈ સરકારી ઈમારતોને વેરામાંથી મુક્તિ આપવી જોઈએ તેની સ્પષ્ટ વાત નિયમોમાં થયેલી છે તો મનપાએ કઈ ઈમારતોને મુક્તિ આપી છે તેની યાદી પણ જાહેર કરવી જોઈએ. તેમજ મુક્તિ માટેના કારણોની પણ વિગતો જાહેર કરવી જોઈએ.

વેરા માટેના નિયમોમાં સૌ સમાન છે. જે સરકારી મિલ્કતોનો વેરા ન આવ્યો હોય તેના સિલીંગ માટેની કાર્યવાહી પણ હાથ ધરવી જોઈએ તેવો આગ્રહ આ પત્રમાં તેમણે કર્યો છે.

# શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીના નવા બોરનુ ટુંકમાં કામ શરૂ થશે

## બોર બનાવા માટે વર્ક ઓર્ડર આપી દેવાયો ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની પોકારનો અંત આવશે

ગાંધીનગર તા ૨૮

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે રૂ ૧.૫૦ કરોડના ખર્ચે બોર બનાવાની કામગીરી ટુંકમાં હાથ ધરાશે. આ માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીના બોર બનાવાની યોજનાના અંતે ગામડાઓના વિવિધ વાસમાં પાણી પ્રેશરથી આવશે.

શહેરી વિસ્તારના ગામોમાં છેલ્લા ઘણાં સમયથી પાયાની સવલતો પુરી પાડવા માટે વખતોવખત રજુઆત કરવામાં આવે છે. જેમાં પાણી ગટર અને રસ્તાનો પ્રશ્ન મુખ્ય છે. અગાઉ ગટર લાઇનની કામગીરી અધુરી રહી જતા હાલની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારમાં ગટરની સુવિધાનુ ઠેકાણુ પડયુ નથી. જો કે ટુંકમાં ગટર લાઈનનુ કામ પણ હાથ પર લેવાશે. જયારે હાલ શહેરી વિસ્તારના પાંચેય ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે નવા બોર બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરી વિસ્તારના પાલજ ,બોરીજ,બાસણ,ઈન્દ્રોડા અને ધોળાકુવામાં નવા બોર બનાવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. સુત્રોના જણાંવ્યા મુજબ ટુંક સમયમાં કામ પણ શરૂ કરી દેવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ થશે. લાંબા સમયના અંતે ગ્રામ્ય વિસ્તારમાં વધતી વસતી મુજબ પાણીની જરૂયિાત સંતોષવા માટે બોર બનાવાનુ કામ મંજુર

● અનુસંધાન પાન-૭ પર

# બંધારણીય સુધારાના અમલ માટે જિલ્લા પંચાયત કાનૂની જંગ લડવા તૈયાર

## કાસમબાપુને શ્રદ્ધાંજલિ અપાઈ : રેખાબેન પટેલને આવકાર આપવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભાએ ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટીની રચના અને તેની સત્તાઓના અમલ માટે કાનૂની જંગ લડવાનો બહુમતિથી નિર્ણય કર્યો છે.

રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ ખાસ સામાન્ય સભામાં ૨૦ વિરૂદ્ધ ૬ મતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સભામાં ઠરાવ મતદાન પર મુકાતાં પહેલાં વિપક્ષના જયેશ ચૌધરીએ આ બાબતે પ્રશ્નો પુછવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ તમને પરિપત્ર મોકલી આપીશુ તમે અભ્યાસ કરી લેજો એણ કહી પ્રસ્તાવને મત પર મુકવા જણાવ્યુ હતુ.

ભારત સરકારે સને ૧૯૯૨-૯૩માં બંધારણની કલમ-૨૪૩ ઝેડ ડી માં આપવામાં આવેલા બંધારણીય આદેશને અનુસરતા ગુજરાત સરકારે ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટિ એક્ટ ૨૦૦૮ પસાર કરેલ છે અને આ કાયદાને લાગુ પાડવા માટે ડિસ્ટ્રિક્ટ પ્લાનીંગ કમિટિ રૂલ્સ ૨૦૧૬ પણ બનાવવામાં આવેલ છે.

ઉપરોક્ત કાયદો અને તે હેઠળ બનેલા રૂલ્સ તા. ૨૧-૧-૨૦૧૬ના રોજ નોટિફિકેશન દ્વારા ગુજરાત સરકારે અમલમાં મુક્યા છે. ગુજરાત સરકારે નામદાર ગુજરાત હાઈકોર્ટને લેખિત બાંહેધરી તેમજ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ સ્ટેટમેન્ટ અને કાયદા પ્રમાણે એક મહિનામાં જે ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટિની રચના કરવી જોઈએ તે કરેલ નથી અને આ કમિટિની ગેરહાજરીમાં જૂના કાયદા હેઠળ ગુજરાત સરકાર સત્તા મંડળો અને અન્ય સ્ટેચ્યુટરી ઓથોરીટીએ ડ્રાફ્ટ ડેવલપોમેન્ટ પ્લાન બનાવી અને જાહેર કરી રહ્યા છે.

આ પરિસ્થિતિમાં ડિસ્ટ્રીક્ટ પંચાયત ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટિની રચના કરવા માટે અને તે ઉપરાંત ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટિ એક્ટ, ૨૦૦૮ અમલ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તત્કાલ ધોરણે પીટીશન ફાઈલ કરવાનો નિર્ણય કર્યો હતો.

સામાન્ય સભાના આરંભમાં પાનસર બેઠકની પેટા-ચૂંટણીમાં વિજયી બનેલ રેખાબેન પટેલને આવકાર આપવામાં આવ્યો હતો.

આ પછી તુરત જ જિલ્લા કોંગ્રેસના આજીવન સેવા ભેખધારી નેતા અને પૂર્વ મંત્રી કાસમભાઈ (બાપુ) તિરમીઝીના દુઃખદ અવસાન અંગે ૧ મિનિટનું મૌન પાળી શોકદર્શક ઉલ્લેખ સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. માત્ર ૧૦ જ મિનિટમાં ખાસ સામાન્ય સભા સંપન્ન થઈ ગઈ હતી. આ સભાએ સરકારમાંથી મંજૂર થઈ આવેલ ટેન્ડરોને પણ બહાલી આપી હતી. આજની બેઠકમાં કોંગ્રેસના ૪ સભ્યો ગેરહાજર જણાયા હતા.

# લુંટેરી દુલ્હને લગ્ન કર્યા પહેલા જ ‘દુલ્હા’ને લુંટી લીધો

## પાલજનો યુવાન ડભોઈના નકલી પરિવાર અને દુલ્હનની રમતનો ભોગ બન્યો : નકલી પરીવારે રૂ. ૫૦ હજાર લઈ સગાઈ કરી અને લગ્નની તારીખ પહેલા તમામ મોબાઈલ સ્વીચ ઓફ કરી નાંખ્યા : સગાઈમાં દેવુ કરીને યુવાને ૫૦૦ કુટુંબીયોને જમાડી લગ્ન માટે દાગીના ખરીદ્યા હતા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર પાસે આવેલ પાલજ ગામનો એક યુવાન લુંટેરી દુલ્હન તથા તેના નકલી પરિવારની વિચિત્ર રમતનો ભોગ બન્યો છે. સમાજમાં યુવતીઓની અછતને કારણે દલાલ મારફતે વડોદરા જિલ્લાના ડભોઈ વિસ્તારની એક યુવતી સાથે ‘નક્કી’ કર્યું..! રંગે-ચંગે દેવુ કરીને યુવાને તે યુવતી સાથે સગાઈ કરી અને ૧૦ દિવસમાં લગ્ન લેવાનું નક્કી કરી દીધુ. લગ્નના બે દિવસ બાકી હતા ને દુલ્હન સહિત તેણીના તમામ નકલી સગાઓએ મોબાઈલ સ્વીચ ઓફ કરી નાંખ્યા હોવાની ઘટના બની છે. સગાઈ વખતે દુલ્હને યુવાન પાસેથી રૂ. ૫૦ હજાર લગ્નના ખર્ચ પેટે લઈ લીધા હતા તે ઉપરાંત લગ્નમાં દાગીના આપવા યુવાને ખર્ચો કરીને દાગીના પણ બનાવડાવી દીધા હતા. હવે કોઈ દુલ્હન પણ મળતી નથી કે તેનું કહેવાતુ પરિવાર પણ નથી..!

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીકના પાલજ ગામનો ૨૭ વર્ષિય યુવાન લુંટેરી દુલ્હનની જાળમાં ફસાયો અને લગ્ન થયા તે પહેલા જ તે દુલ્હો લુંટાઈ ગયો હોવાની ઘટના બની છે. સમાજમાં લગ્નભાવુક યુવતીઓની અછતને પગલે તે યુવાને તથા

● અનુસંધાન પાન-૭ પર

# મારા સભ્ય તરીકેના હક્કનું રક્ષણ કરી મારા વિસ્તાર માટે ૧૦ લાખ ફાળવો : રેખાબેન પટેલ

## વિસ્તાર વિકાસની ગ્રાન્ટ તેમના વિસ્તાર સિવાયના ગામોને ફાળવી દેતાં ભાજપના મહિલા સભ્યએ લેખિતમાં રજુઆત કરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની જૂથબંધી વચ્ચે આજે પાનસરની બેઠક પર પેટા ચૂંટણીમાં વિજયી બનેલા રેખાબેન પટેલે તેમને સભ્ય તરીકે વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટ મળવી જોઈએ તેવી માંગ સાથે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જયશ્રીબેન દેવાંગનને લેખિતમાં રજુઆત કરતાં એક નવો વિવાદ ઉભો થયો છે.

પેટા ચૂંટણીમાં વિજયના પેંડા ખવડાવ્યા બાદ તેમણે આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરતાં જણાવ્યું છે કે વિસ્તાર વિકાસ માટે સભ્યને ફાળવવામાં આવેલ રૂ. ૧૦ લાખની રકમ તેમણે કરેલ તપાસમાં વપરાઈ ગયાનું જણાવવામાં આવ્યું છે. હજુ છેલ્લી સામાન્ય સભામાં તો આ રકમ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો ત્યારે આ નાણાં કોણે વાપર્યા? કોણે મંજૂરી કઈ રીતે આપી?

તેમણે જણાવ્યુ છે કે આ રકમ તેમના વિસ્તારમાં નથી વાપરવામાં આવી અને અન્ય વિસ્તારમાં તેનો વપરાશ કરવા માટેની કોઈ પણ કાર્યવાહી તેમના હક્ક પર તરાપ સમાન છે. શ્રીમતિ પટેલે સભ્ય તરીકેના તેમના હક્કોનું રક્ષણ કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીને સ્પષ્ટ જણાવ્યુ છે અને કહ્યુ છે કે એ તમારી ફરજ છે.

શ્રીમતિ પટેલે આક્રમક મૂડમાં આ રજુઆતો કરી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે પહેલા ચૂંટાઈ આવેલ સભ્યનું સભ્યપદ રદ થતાં આ રકમ પ્રમુખશ્રીના હવાલે મુકવામાં આવી હતી. બિનસત્તાવાર વિગતો પ્રમાણે સભ્યને મળતી ૧૦ લાખની ગ્રાન્ટમાંથી ૭ લાખ રૂ.ના કામોની ફાળવણી પણ પાનસર બેઠક સિવાયના વિસ્તારોમાં કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં રેખાબેન પટેલના વિજય સાથે ભાજપની બેઠકોમાં વધારો થયો છે. પ્રારંભ જ આક્રમક હોવાથી પંચાયતમાં આજે આ મુદ્દો સામાન્ય સભા પછી ભારે ચર્ચાસ્પદ બન્યો હતો. ભાજપને આ મુદ્દાથી હવે કોંગ્રેસ સામે આક્રમક બનવા માટેની તક પ્રાપ્ત થઈ છે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.



ગાંધીનગર ખાતે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષસ્થાને રાજ્ય સૈનિક કલ્યાણ બોર્ડની બેઠક યોજાઈ હતી... રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિત ક્ષેત્રિય લશ્કરી અધિકારીઓ તથા રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૩ માં ગટર લાઇનના ખોદકામ માટે હીટાચીનુ તોતિંગ મશીન મંગાવાયુ

ગાંધીનગર તા ૨૮

સે-૩ માં ગટરલાઈનન મેઈન હોલ ખસી જતા છેલ્લા બે દિવસથી યુધ્ધના ધોરણે સમારકામ ચાલી રહયુ છે. જમીનથી ૨૫ ફુટ નીચે ખોદાણ કરવા માટે ખાસ હીટાચી મશીન કામે લગાડાયુ છે. ગટર લાઈનના સમારકામ દરમિયાન અનેક કેબલ કપાઈ જતા સેકટરમાં વિજ અને ટેલીફોન સેવા પ્રભાવિત થઈ છે. ટેલીફોનનો કેબલ કપાઈ જતા સેકટરમાં અનેક ટેલીફોન મુંગા થઈ ગયા છે. વરસાદ બંધ છે. તેવા સંજોગોમાં સમસ્યા દુર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# બીજી ઓગષ્ટે કેક કાપીને નગરનો જન્મદિવસ ઉજવાશે

## સે-૨૩ કડી કેમ્પસ પાસેથી બેન્ડની સુરાવલી સાથે વિદ્યાર્થીઓ રૂટ માર્ચ કરશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના ૫૨ માં જન્મ દિવસની ઉજવણી અન્વયે જી ઈ બી ગેસ્ટ હાઉસમાં કેક કાપવામાં આવશે. નગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે તા ૨ ઓગષ્ટના રોજ સવારે ૯ કલાકે શહેર વસાહત મહામંડળ દ્વારા નગરના જન્મદિવસની ઉજવણી કરાશે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરની રચના તા ૨ ઓગષ્ટ વર્ષ ૧૯૬૫ના રોજ થઈ હતી. જયારે જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનના ગેસ્ટ હાઉસના મકાનની જગ્યાએ નગરવિકાસની યાત્રાનો આરંભ થયો હતો. આ ઠેકાણે નગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી.

આ સ્થળે દરવર્ષે શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરના જન્મ દિવસની ઉજવણી તા ૨ ઓગષ્ટના રોજ કરવામાં આવે છે. આગામી જન્મદિવસને અનુલક્ષીને પણ મહામંડળ દ્વારા નગરના ૫૨માં જન્મદિવસની ઉજવણીનુ આયોજન કરી દેવાયુ છે. આ નિમિત્તે આ સ્થળે સવારે ૯ કલાકે કેક કાપીને નગરનો બર્થ ડે સેલીબ્રેટ કરાશે. નગરના ધારાસભ્ય તેમજ મેયરની ઉપસ્થિતિમાં તેમજ થર્મલ પાવર સ્ટેશનના કર્મચારીઓ અને અધિકારીઓની હાજરીમાં કેક કાપીને ગાંધીનગરને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવશે. જયારે સવારે ૧૦ ૩૦ કલાકે સે-૨૩ સ્થિત શેઠ સી એમ વિદ્યાલયના વિદ્યાર્થીઓ બેન્ડની સુરાવલી વચ્ચે સે-૨૩ તેમજ ઘ-૫ વિસ્તારમાં ફરીને રૂટ માર્ચ કરશે.ગ્રીન સીટી અને ગ્રીન સીટી તરીકે આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી વિવિધ શૈક્ષણિક સંકુલમાં પણ કરવામાં આવે તેવી અપીલ પણ મહામંડળ દ્વારા કરવામાં આવી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૧૪૧૦ ૧૨૩૫૪, ૯૧૪૦૪ ૬૦૭૬૭

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.
પ્લોટ નં. ૩૯૧/, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર

સિક્યોરીટી ટેન્ડર બાબતે

આથી રસ ધરાવતી એજન્સી / પેઢીઓને જણાવવાનું કે, બેન્કની નીચે જણાવેલ શાખાઓમાં સિક્યોરીટી ગાર્ડ મૂકવાના હોઈ તે અંગેના ટેન્ડર ફોર્મ રૂ. ૧ હજાર રોકડમાં ફી ભરપાઈ કરીને જાહેરાતની તારીખથી ૧૦ દિવસની અંદર ટેન્ડર ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરીને તથા જરૂરી દસ્તાવેજો સાથે મોકલી આપવાના રહેશે. માહિતી અધુરી જણાશે તો ટેન્ડર ફોર્મ રદ કરવાના બેન્કને સંપૂર્ણ અધિકાર રહેશે. જેની ફી પરત કરવામાં આવશે નહિ.

(૧) હેડ ઓફિસ, સેક્ટર-૧૬, (૨) જુના સચિવાલય,
(૩) જી.ઈ.બી. કોલોની (૪) સેક્ટર-૨૪ ચાર રસ્તા શાખા
(૫) ચાંદખેડા શાખા (૬) સેક્ટર-૩, ઘ-૨ કોર્નર
(૭) સરગાસણ ચાર રસ્તા શાખા
(૮) ચેનપુર ન્યુ રાણીપ (નક્કી થયા બાદ)

લિ. મેનેજીંગ ડિરેક્ટર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com